કામનુ નામ:— Invitation of Rates for Supplying/Providing Innovative ready mix High Strength Polymer Modified Self Levelling ,Self Compacting, Self curing Cementitious Material /Grout (Quick fix) the emergency works to be carried out under control of Capital Project Division No.3, Gandhinagar as and when required on various roads in Gandhinagar District.

## ખાસ શરતો

(૧) સદરહું ટેન્ડર ફકત ભાવ માંગવવા માટે જ છે. ટેન્ડરમાં દર્શાવેલ યુનિટમાં દર પ્રમાણે સૌથી નીચા ભાવો જે તે આઈટમ વાઈઝ મંજુર કરવાનાં રહેશે. તેમન સૌથી નીચાં આવેલ ટેન્ડરમાં અથવા સક્ષમ કક્ષાએથી મંજુર કરવામાં આવેલ ભાવો કવોલીફાય થયેલ તમામ ઈજારદારશ્રીઓએ માન્ય રાખવા પડશે તેમજ કરારનાં સમયગાળામાં મંજુર ભાવો થી કામો કરવાના રહેશે. જે ઈજારદારશ્રી ટેન્ડરમાં ભાગ લીધેલ ન હોય તેવા ઈજારદારશ્રીઓની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પેટા કચેરીએથી કામ કરવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહી.

(૨) બાનાની રકમ (ઈ.એમ.ડી.—એ..ડી.આર), ટેન્ડર ફી (ડી.ડી) તથા ટેન્ડરમાં દર્શાવેલ તમામ દસ્તાવેજો ઓનલાઈન તથા બીડ સબમીશન સાથે હાર્ડ કોપીમાં સામેલ રાખેલ નહિ હોય તો તેવા ટેન્ડર/ બીડર ને રદ કરવામાં આવશે.

(૩) ઈ.એમ.ડી. બાનાની રકમ / અનામતની રકમ પેટે રૂ.૫,00,000/— (રૂપિયા પાંચ લાખ પૂરા) રાષ્ટ્રીયકૃત/ શીડયુલ બેંકની કાર્યપાલક ઈજનેર, પાટનગર યોજના વિભાગ નં.૩, ગાંધીનગરનાં નામની એફ.ડી.આર. ઓનલાઈન તથા બીડ સબમીશન સાથે સામેલ રાખવાની રહેશે. ઈ.એમ.ડી. / એફ.ડી.આર.ની વેલીડીટી ટેન્ડર ઓનલાઈન ભરવાની

છેલ્લી તારીખથી ઓછામાં ઓછી ૩૬૫ દિવસની રાખવાની રહેશે. ૩૬૫ દિવસની મર્યાદા બાદ ટેન્ડર / વાર્ષિક ભાવો વધુ સમય માટે ચાલુ રાખવાનો નિર્ણય થાય તો આ એફ.ડી.આર.ની મુદત વધારવાની રહેશે.

(૪) આ કરાર ૧૨ (બાર) માસ માટેનો છે. કોઈપણ સમયે મંજુર થયેલ ભાવો ટેન્ડર રદ કરવાની સત્તા કાર્યપાલક ઈજનેર, પાટનગર યોજના વિભાગ નં.૩, ગાંધીનગર અથવા તેનાથી ઉપરના અધિકારીશ્રીની રહેશે તેમજ બંને પક્ષોની સહમતિ હશે તો વધુ એક વર્ષ કે તેથી વધુ સમય માટે ચાલુ રાખી શકાશે તે અંગેના નિર્ણયો સક્ષમ અધિકારીશ્રીનો આખરી રહેશે.

(૫) ટેન્ડરમાં દર્શાવેલ પ્રમાણે જે સૌથી નાચાં ભાવો હશે અથવા સક્ષમ કક્ષાએથી જણાયેલ પોષણક્ષમ ભાવો મંજુર કરવામાં આવશે. મંજુર થયેલ ભાવોથી મંજુર થયેલ ટેન્ડર /ઈજારદારશ્રી પૈકી કોઈપણ એજન્સી પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની જરૂરિયાત મુજબ સક્ષમ કક્ષાએથી પેરૂઝલ અને તાંત્રિક મંજુરી મેળવી અથવા પરિસ્થિતિને ધ્યાને રાખી મંજુરીની અપેક્ષાએ કામગીરી કરાવી શકાશે.

(૬) સૌથી નીચાં ભાવ ભરેલ એજન્સી સિવાયના ટેન્ડર ભરેલ કોઈપણ એજન્સી અથવા અન્ય કોઈપણ ઈજારદારશ્રી પાસેથી કામ કરાવવા માટે વિભાગ સ્વતંત્ર રીતે નિર્ણય લઈ કામ કરાવી શકાશે તથા આ બાબતે કોઈ રજુઆત, વિવાદ, દાદ કે તકરાર ચલાવી લેવામાં આવશે નહી.

(૭) બધુંજ કામ ટેન્ડરમાં સામેલ જોગવાઈઓ મુજબ અને લગત ઈજનેરશ્રીની સુચના પ્રમાણે ઈજારદાશ્રીએ કરી આપવું રહેશે.

(૮) પેટા વિભાગીય અધિકારીશ્રીની સુચના મુજબ જ માલસામાન સપ્લાય કરી કામગીરી કરવાની રહેશે.

(૯) સમય–મર્યાદામાં કામગીરી પુર્ણ નહી કરવામાં આવે તો નિયમોનુસાર ટેન્ડરમાં સામેલ શરતો અને જોગવાઈઓ મુજબ પ્રતિદિન લીકવીડીટી ડ્રેમઝ / પેનલ્ટીની વસુલાત કરવામાં આવશે.

(૧૦) ઈજારદારશ્રી દ્રારા ભરેલાં ભાવો તમામ પરિસ્થિતિ, સ્થળ, ભેજ અને હવામાન વગેરે હેઠળ કામ માટે અમલમાં રહેશે.

(૧૧) સદરહું ટેન્ડરમાં લાગુ પડતાં બધા જ નિયમો અનુસાર ભરવાનું રહેશે મંજુર કરેલ ભાવો સિવાય કરારનાં સમય દરમ્યાન કોઈપણ જાતનો ભાવ વધારો આપવામાં આવશે નહી.

(૧૨) સરકારશ્રીનાં વખતો–વખતનાં નિયમો, ઠરાવો, શરતો જોગવાઈઓ ઈજારદારશ્રીતે બંધનકર્તા રહેશે.

(૧૩) કોઈપણ એક કે બધા ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય મંજુર કે ના મંજુર કરવાનાં હક કાર્યપાલક ઈજનેર, પાટનગર યોજના વિભાગ નં.૩, ગાંધીનગર અથવા તેનાથી ઉપરના અધિકારીશ્રીઓની અબાધિત રાખવામાં આવે છે.

(૧૪) કોઈપણ જાતનાં શરતી ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી નિયત સમય મર્યાદા બહાર આનલાઈન તેમજ ડોકયુમેન્ટ સબમીશન ધ્યાનમાં લેવામાં આવશે નહી તથા આવા ટેન્ડરો રદ ગણાશે.

(૧૫) સદર ટેન્ડરમાં દર્શાવેલ આઈટમો પૈકી તમામ આઈટમોમાં જથ્થામાં કામગીરીની જરૂરિયાત મુજબ શૂન્યથી અસંભવિત (અન લીમીટેડ) થઈ શકે છે. તે અંગે કોઈ તકરાર કરવાની રહેશે નહી.

(૧૬) કરેલ કામનું ચુકવણું સરકારશ્રીમાંથી નાણાંની પ્રાપ્તિ થયેથી કરવામાં આવશે

ચુકવણાં માટે એજન્સીની કોઈપણ જાતની તકરાર તથા નાણાં વ્યાજ સાથે ચુકવાની રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી કે વાધો ગ્રાહય રાખવામાં આવશે નહી તેમજ ચુકવણું મોડું થવા બાબતે કોઈ દાવો કરી શકાશ નહી.

(૧૭) થયેલ કારારનો કોઈપણ સમયે કારણ આપ્યા વગર ૭ (સાત) દિવસની નોટીસ આપી અંત લાવવાનો વિભાગીય કચેરીનો હકક અબાધિત રહેશે.

(૧૮) આ કામગીરી માટે ઈજારદારે લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એકટ–૧૯૭૦ તથા તે હેઠળ ૧૯૭૨ નાં ગુજરાતનાં નિયમોની જાગવાઈઓ તથા કામદાર વળતર અધિનિયમ–૧૯૨૩ તથા તે હેઠળનાં નિયમોની જોગવાઈઓ અનુસાર ઠેકેદારે રોકેલ મજુરોનાં કાયદેસરના હિતોનાં રક્ષા કરવાની તેમજ પ્રસ્તુત કાયદા અને નિયમો હેઠળ કરાયેલ સુવિધા / સવગડો ઉપલબ્ધ કરવાનો પ્રાથમિક વૈધાનિક જવાબદારી મજુરો કામે રાખનાર જે તે ઈજારદારશ્રીની રહેશે અને આ કામગીરી દરમ્યાન કામદારોને થતાં અકસ્માતથી શારિરીક ઈજા થાય તો તે અંગેની વળતર સહિતની જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.

(૧૯) ટેન્ડર ભરનાર ઈજારદરશ્રી દ્રારા ખોટી માહિતી આપવાનું કે ખોટા પ્રમાણપત્રો, દસ્તાવેજા રજુ કર્યાનું ધ્યાને આવશે તો તે ઈજારદારશ્રી ગેરલાયક ઠરશે તેની બાનાની રકમ જપ્ત કરવામાં આવશે.

(૨૦) જે ઈજારદારશ્રીઓનાં ભાવો અતિ નીચાં ભરેલાં જણાશે તો તેઓશ્રીએ કચેરી ખાતે ભાવ પૃથ્થકરણ રજુ કરવાનાં રહેશે અને જો ભાવોમાં વ્યાજબીપણું જણાશે નહી તો તે ભાવો રદ કરવામાં આવશે.

(૨૧) સરકારશ્રી દ્રારા કોઈપણ ઈજારદારશ્રી જો સબ કોન્ટ્રાકટમાં કામગીરી કરતા જણાશે તો તેઓશ્રીનું ટેન્ડર નિયમોનુસાર રદ કરવામાં આવશે તેમજ બાનાની રકમ પણ જપ્ત કરવામાં આવશે જેમાં કોઈજ તકરાર કે વિવાદ

ચલાવવામાં આવશે નહી કામગીરી દરમ્યાન કામ કરતા ઈજારદાર પોતેજ કામ કરતા હોવાના જરૂર મુજબનાં અને વિભાગ દ્વારા માગવામાં આવે તે પુરાવા અને દસ્તાવેજો સાદર કરવાના રહેશે.

(૨૨) સદર ટેન્ડરની અંદર મંજુર થયેલ ભાવે ગુજરાત રાજયના માર્ગ અને મકાન ખાતાના કોઈપણ વિભાગ કે પેટા વિભાગ કચેરી જણાવે ત્યાં દિન–૩ માં મટેરીયલ સપ્લાય કરવા ઈજારદારશ્રી બંધનકર્તા રહેશે. જેના માટે કોઈ અલગથી વધારાનું ચુકવણું કરવામાં આવશે નહી.

(૨૩) સદર ટેન્ડરની કામગીરી દરમ્યાન રોડ સેફટી કામ કરતા માણસો–રોજમદારો તથા અન્ય ઈસમો, યંત્રો–ઓજારો તેમજ પ્લાન્ટ સેફટી અંગની જવાદારી સંપૂર્ણપણે લગત ઈજારદારશ્રીના ખર્ચે અને જોખમે તેઓના શિરે રહેશે સેફટી/ સલામતી બાબતે કોઈપણ સંજોગોમાં વિભાગ કે વિભાગના કર્મચારી જવાબદાર રહેશે નહી.

(૨૪) ઈજારદારશ્રી દ્વારા ટેન્ડર ભરતી વખતે જે કંપની પાસે એન્વાયરમેન્ટ કલીયરન્સ તથા ગ્રીન સર્ટીફીકેટ હોય, તથા જી.એમ.ડી.સી. /સી.જી.એમ. સાથે લાંબાં ગાળાના એકસકલુસીવ સીલીકા સેન્ડ સપ્લાયના લોન્ગ ટર્મ લેન્ડ લીઝ એગ્રીમેન્ટ તથા ખાસ મટીરીયલ નિર્માતા હોય તેવી કંપની સાથેના મટીરીયલ સપ્લાયના એમ.ઓ.યુ રજુ કરવાના રહેશે.

(૨૫) ખાસ શરતો સાથેનું આ કબુલાતનામું ટેન્ડર ભરનાર દરેક ઈજારદારશ્રી દ્વારા રૂા.૩૦૦/– નાં સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરી નોટરી સાથેનું દરેક પાના ઉપર સહી–સિકકા કરીને સ્કેન કોપી ઓનલાઈન અપલોડ કરવાનું રહેશે તથા અસલમાં ટેનડર દસ્તાવેજો સાથે સામેલ કરવાનું રહેશે.

# કબુલાતનામું

ઉપરની તમા શરતો મે વાંચી છે અને બરાબર સમજયા છીએ જે મને અમોને બંધનકર્તા છે. ટેન્ડર પ્રીકયા દરમ્યાન તથા ભવિષ્યમાં અમારા દ્વારા ઉપર જણાવેલ શરતો અને બોલીઓ અંગે કોઈ વિવાદ, રજુઆત કે તકરાર કરવામાં આવશે નહિ અને કોઈપણ જાતનું વળતર માગવામાં નીહ આવે જેની અમો નીચે સીહ કરનાર લેખિતમાં બાંહેધરી આથીએ છીએ.

ઈજારદારની સહિ:— ..........................

તારીખ:— .../૦૬/૨૦૨૬

સ્થળ:— ગાંધીનગર

ઈજાદારનું નામ/ કંપની નું નામ:—

કંપનીનો રાઉન્ડ સીલ/ સિકકો મારવો.

ઠેકેદારની
સહી.

કાર્યપાલક ઈજનેર,
પાટનગર યોજના વિભાગ નં.૩,
ગાંધીનગર.